NavGujarat Samachar

July 29, 2015
Page No. 3
of Ahmedabad Times



# કલામની અમદાવાદ વિઝિટ યાદ કરાઈ



દેશ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ. પી. જે. અબ્દુલ કલામને અંજલી અર્પી રહ્યો છે ત્યારે તેમની સિટીની વિઝિટ યાદ કરાઈ રહી છે. 20 જૂને તેઓ ઇડીઆઇ (આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા)માં આવ્યા હતા. એ સમયે તેમણે યંગસ્ટર્સને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, 'સ્ટુડન્ટ્સ ચેન્જ લાવી શકે છે, તમારે દેશ માટે જીવવું જોઈએ અને દેશ માટે મરવા પણ તૈયાર રહેવું જોઈએ. દેશમાં જરૂરી ચેન્જીસ લાવો. સોશિયલ એન્ટરપ્રાઇઝીસને આગળ ધપાવો. પિરામિડમાં જે નીચે છે એ ગરીબ લોકોનું ધ્યાન રાખો. સોશિયલ એન્ટરપ્રાઇઝીસ તેમને આગળ લાવી શકશે.' તેમણે હેલ્થ, એજ્યુકેશન, વોટર અને વેસ્ટ મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું હતું. ઇડીઆઇના ભૂતપૂર્વ ડાયરેક્ટર ડો. દીનેશ અવસ્થીએ આ જાણકારી આપી હતી.